
### તરસાલી વિસ્તારના વાયરલ થયેલા વીડિયોની પોલીસ તપાસ કરશે

# રીલના ચક્કરમાં જીવ જોખમમાં, ચાલુ કારનો દરવાજો ખુલ્લો રાખી યુવકે બનાવ્યો વીડિયો



(પ્રતિનિધિ) વડોદરા,તા.7
સોશિયલ મીડિયા પર ફેમસ થવાના મોહમાં ટ્રાફિક નિયમોના ધજાગરા ઉડાડવાનો વધુ એક કિસ્સો વડોદરામાં સામે આવ્યો છે. શહેરના તરસાલી વિસ્તારમાં એક યુવકે ચાલુ કારનો દરવાજો ખુલ્લો રાખીને જોખમી રીતે રીલ બનાવી હતી. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

વાયરલ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, એક યુવાન પોતાની સાથે અન્ય વાહનચાલકોના જીવને જોખમમાં મૂકીને ચાલુ કારનો દરવાજો ખુલ્લો રાખી રીલ બનાવી રહ્યો છે. માત્ર ઈન્સ્ટાગ્રામ પર ફેમસ થવા માટે યુવકે આ પ્રકારની બેજવાબદાર હરકત કરી હતી. વીડિયો વાયરલ થતાં જ સોશિયલ મીડિયા પર લોકોએ ભારે નારાજગી વ્યક્ત કરી હતી. વિવાદ વકરતા યુવકે પોતાના ઈન્સ્ટાગ્રામ પેજ પરથી આ વીડિયો ડિલીટ કરી દીધો હતો. જોકે ત્યાં સુધીમાં વીડિયો અનેક લોકો સુધી પહોંચી ચૂક્યો હતો. સ્થાનિક નાગરિકોએ માંગ કરી છે કે શહેર ટ્રાફિક પોલીસે આ યુવકની ઓળખ છતી કરીને મોટર વ્હીકલ એક્ટ હેઠળ કડક કાર્યવાહી કરે. આવા સ્ટંટ માત્ર પોતાનો જ નહીં પરંતુ રોડ પર ચાલતા નિર્દોષ લોકોનો જીવ પણ જોખમમાં મૂકે છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, વાયરલ વીડિયોના આધારે વાહન અને યુવકની ઓળખ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. દોષિત સામે નિયમ મુજબ દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# નાંદરખા રોડ પર બસ ડ્રાઈવરની ગફલત નાળામાં પટકાતાં બસને ભારે નુકસાન

(પ્રતિનિધિ) ભરૂચ, તા.6
ભરૂચથી દહેજ થઈ વાગરા જઈ રહેલી સરકારી બસ નાંદરખા-પખાજણ રોડ પર અચાનક વળાંક આવતાં ડ્રાઈવરનો કાબૂ ગુમાવી બેઠો અને બસ રોડની સાઈડમાં આવેલા નાળા સાથે અથડાઈ ગઈ હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈને ઈજા થઈ ન હતી, જોકે બસના આગળના ભાગે કમાન તૂટી ગઈ, રેડિએટર ફૂટી ગયું અને બસની બોડીને ભારે નુકસાન થયું છે.

બસ કંડક્ટર મનીષાબેન રમેશભાઈ ડાભીએ વાગરા પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, સવારે આશરે આઠ વાગ્યે ડ્રાઈવર અનિલભાઈ કિશનભાઈ રાઠવા બસ (નંબર GJ-18-Z-6048)ને પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા હતા. વળાંક આવતાં તેમણે એકાએક બ્રેક મારી, પરંતુ બ્રેક ન લાગતા સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવીને બસ નાળા સાથે અથડાઈ ગઈ.બસમાં 35 જેટલા મુસાફરો બચી ગયા હતા.બનાવની



જાણ ડેપો મેનેજરને અને ATI VRને કરતા ઘટનાસ્થળે પહોચી ગયા હતા. જે બાબતે વાગરા પોલીસમાં બસ ડ્રાઈવરની વિરુદ્ધમાં બસને નુકસાન થવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હતો.

### LCB ભરૂચે ટેન્કર જપ્ત કરી આરોપીઓ સામે કાર્યવાહી કરી

# દહેજમાં ઝેરી કેમિકલના ગેરકાયદે નિકાલનું કૌભાંડ : પાંચ ઝડપાયા

**pH વેલ્યુ 2થી નીચે - માનવ અને પર્યાવરણ માટે ગંભીર ખતરો**

(પ્રતિનિધિ) ભરૂચ,તા.7
ભરૂચના દહેજ વિસ્તારમાં પર્યાવરણ અને લોકોના સ્વાસ્થ્ય સાથે રમાતું એક મોટું કૌભાંડ ભરૂચ LCBએ ઝડપી પાડ્યું છે. સાયખા GIDCમાં આવેલી માલ્વીસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા અત્યંત જોખમી અને ઝેરી કેમિકલ વેસ્ટનો ગેરકાયદે નિકાલ કરવામાં આવતો હોવાનો ખુલાસો થયો છે. આરોપીઓ ખાડીમાં ઝેરી રસાયણ ઠાલવી પર્યાવરણને ભારે નુકસાન પહોંચાડવાની તૈયારીમાં હતા, પરંતુ LCBની સતર્કતાના કારણે આખું રેકેટ પર્દાફાશ કર્યો છે.

11 એપ્રિલ 2026ના રોજ LCB ભરૂચની ટીમ દહેજ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે બાતમી મળી કે જોલવા ગામ નજીક ખાડીમાં એક ટેન્કર મારફતે જોખમી કેમિકલ વેસ્ટ ખાલી કરવાની તજવીજ ચાલી રહી છે. બાતમીના આધારે પોલીસ તુરંત સ્થળ પર પહોંચી અને RJ-09-GC-7832 નંબરનું ટેન્કર ઝડપી પાડ્યું છે.

પોલીસે ટેન્કર ચાલક સંદીપસિંહ ઉર્ફે શેરૂની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી. શરૂઆતમાં ડ્રાઈવરે 'Kaizen Pharmaceutical' કંપનીના ઈન્વોઈસ અને ઈ-વે બિલ રજૂ કર્યા, પરંતુ દસ્તાવેજોની તપાસમાં આખો મામલો શંકાસ્પદ લાગ્યો. ઊંડાણપૂર્વકની તપાસમાં સામે આવ્યું કે તમામ બિલ અને દસ્તાવેજો બોગસ હતા.

FSL અને GPCBના રિપોર્ટ અનુસાર ઝડપાયેલું કેમિકલ અત્યંત જોખમી અને એસિડિક હોવાનું સામે આવ્યું. કેમિકલની pH વેલ્યુ 2થી પણ ઓછી નોંધાઈ, જે પર્યાવરણ, પાણીના સ્ત્રોતો, જળચર પ્રાણીઓ અને માનવ સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો છે. નિષ્ણાતોના મતે આ રસાયણ ખુલ્લી ખાડી કે જમીનમાં ઠાલવવાથી લાંબા ગાળે પાણી અને જમીન બંને પ્રદૂષિત થઈ શકે છે. પોલીસે ઘટનાસ્થળેથી આશરે 10 લાખનું ટેન્કર, ઝેરી કેમિકલ, મોબાઈલ ફોન સહિત કુલ 10,45,533નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

તપાસમાં કંપનીના માલિક અંબરીસ ગીરીશભાઈ માલવી, રાજકોટના હરીકૃષ્ણ શ્યામજીભાઈ ચૌહાણ, તેમજ યોગેન્દ્રસિંહ અને રાહુલ નામના શખ્સોની સંડોવણી સામે આવી. તમામ આરોપીઓ સામે દહેજ પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 286, 287, 336, 338 અને 61(2) હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી શરૂ કરી છે.

# દહેજના હેડ કોન્સ્ટેબલ રૂ.70 હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયા



(પ્રતિનિધિ) ભરૂચ, તા. 7
ભરૂચ જિલ્લાના દહેજ પોલીસ મથકમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કિરપાલસિંહ સોલંકીને લાંચ લેતા રંગે હાથે ઝડપી લેવામાં આવ્યો છે. આ કાર્યવાહી લાંચ રૂશ્વત વિરોધી શાખા (ACB) દ્વારા છટકું ગોઠવીને હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, હેડ કોન્સ્ટેબલ સોલંકીએ એક કોન્ટ્રાક્ટર પાસેથી તેના કામદારના અકસ્માત મોતની જાહેરાત અને પોસ્ટમોર્ટમ (પી.એમ.) નોટની કોપી આપવા બદલ રૂ.1 લાખની લાંચ માંગી હતી. બાદમાં બંને વચ્ચે રૂ.70 હજારમાં વાત પાકી થઈ હતી.

ACB ને મળેલી ફરિયાદના આધારે ટીમે કોન્ટ્રાક્ટર સાથે સુરક્ષા કર્મચારીનો સ્વાંગ રચીને છટકું ગોઠવ્યું. જ્યારે હેડ કોન્સ્ટેબલે રૂ.70 હજારની લાંચ સ્વીકારી, ત્યારે ACBની ટીમે તેમને ઝડપી લીધા. હાલમાં તેઓની સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

### વડાપ્રધાન મોદીના રોડ શો પહેલાં વડોદરામાં સુરક્ષા વ્યવસ્થા કડક બનાવાઇ

# પોલીસ-કોર્પોરેશનનુ તંત્ર એક્શનમાં, રૂટ પર ડોગ સ્કવોડ અને બોમ્બ સ્કવોડ દ્વારા ચેકિંગ

**વિવિધ એજન્સીઓ વચ્ચે સતત સંકલન કરાશે**

(પ્રતિનિધિ) વડોદરા, તા. 7
સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરાની મુલાકાતે આવી ત્યારે શહેરનું પોલીસ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર એક્શનમાં આવી ગયું છે. વડાપ્રધાનના રોડ શો દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સુરક્ષા એજન્સીઓ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર તથા મ્યુનિસિપલ કમિશનરે સંયુક્ત રીતે વડાપ્રધાનના રોડ શોના સમગ્ર રૂટનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા સાથે વિવિધ વિભાગોને જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી હતી.

રોડ શોના રૂટ તેમજ કાર્યક્રમ યોજાનાર સ્થળો પર ડોગ સ્કવોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા સઘન



ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઉપરાંત આસપાસના વિસ્તારોમાં પણ શંકાસ્પદ ચીજવસ્તુઓ અને વ્યક્તિઓ અંગે ચકાસણી કરવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ વડાપ્રધાનના કાર્યક્રમને ધ્યાનમાં રાખી શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિત તમામ પોલીસ કર્મચારીઓને બંદોબસ્ત દરમિયાન કોઈપણ પ્રકારની બેદરકારી ન રાખવા કડક સૂચના આપવામાં આવી છે. ટ્રાફિક વ્યવસ્થા, પાર્કિંગ, રૂટ ડાયવર્ઝન તેમજ જનસુરક્ષાને લઈ પણ વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે.

વડાપ્રધાનના આગમનને પગલે શહેરમાં સુરક્ષા માહોલ વધુ સઘન બન્યો છે અને વિવિધ એજન્સીઓ વચ્ચે સતત સંકલન કરવામાં આવી રહ્યું છે.

# પ્રાદેશ માહિતી કચેરી દ્વારા 'કારકિર્દી વિશેષાંક'નું વેચાણ

(પ્રતિનિધિ) વડોદરા તા.7
ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અને યોગ્ય માર્ગદર્શન માટે 'કારકિર્દી વિશેષાંક' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. ધોરણ-૧૦ અને ૧૨ પછી કયા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી તેની મૂંઝવણ અનુભવતા વિદ્યાર્થીઓ માટે આ પુસ્તિકા આશીર્વાદરૂપ સાબિત થશે.

ધોરણ-૧૦ અને ૧૨ પછીના તમામ પ્રવાહો (સાયન્સ, કોમર્સ, આર્ટસ) માટેના ડિગ્રી અને ડિપ્લોમા કોર્સની વિગતવાર માહિતી તેમજ વ્યવસાયલક્ષી તાલીમ, ITI અને કૌશલ્ય વિકાસના વિવિધ ટૂંકા ગાળાના કોર્સની જાણકારી તથા વિવિધ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવેલા લેખો અને કેરિયર ટિપ્સસભર છે.

આ 'કારકિર્દી વિશેષાંક' ખૂબ જ નજીવા દરે રૂ.૨૦ લેખે પ્રાદેશિક માહિતી કચેરી, માહિતી ભવન, કોઠી બિલ્ડીંગ, રાવપુરા, વડોદરા ખાતેથી કચેરી સમય દરમિયાન મેળવી શકાશે.

### દેશભરના આશરે 300 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો

# માસ્ટર સ્પેલર્સ ગ્રાન્ડ ફિનાલે 2025-26 વડોદરામાં ઉજવાયો : યુવા ભાષા ચેમ્પિયન્સને મળ્યું માન







(પ્રતિનિધિ) વડોદરા, તા. 7
વડોદરામાં તા. 3 મે 2026ના રોજ ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ સેન્ટર ખાતે દેશની અગ્રણી અંગ્રેજી ભાષા અને સ્પેલિંગ સ્પર્ધા "માસ્ટર સ્પેલર્સ 2025-26"ની ગ્રાન્ડ ફિનાલે ભવ્ય રીતે યોજાઈ હતી. Oxford University Press (યુકે) ના સહયોગથી આયોજિત આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં દેશભરના આશરે 300 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાની ભાષાકૌશલ્ય, શબ્દભંડોળ, ઉચ્ચારણ અને અંગ્રેજી પ્રાવિણ્યનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.

માસ્ટર સ્પેલર્સ છેલ્લા કેટલાક વર્ષોથી વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષા પ્રત્યે રસ, આત્મવિશ્વાસ અને સંવાદ ક્ષમતા વિકસાવતું લોકપ્રિય પ્લેટફોર્મ બની રહ્યું છે. સ્પર્ધા હાઈબ્રિડ ફોર્મેટમાં યોજાય છે, જેમાં પ્રાથમિક તબક્કા ઓનલાઈન લેવાય છે, જ્યારે અંતિમ રાષ્ટ્રીય ફિનાલે ઓફલાઈન યોજાય છે. જેના કારણે દેશના કોઈપણ ખૂણામાંથી વિદ્યાર્થીઓ સરળતાથી ભાગ લઈ શકે છે.

આ વર્ષની સ્પર્ધામાં મુંબઈ, બેંગલુરુ, ચેન્નાઈ, પુણે, ગોવા, અમદાવાદ, રાજકોટ, ઈન્દોર, નાગપુર, વડોદરા, વારાણસી અને ગુરુગ્રામ સહિતના શહેરોના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિવિધ વય જૂથોમાં કુલ સાત વિદ્યાર્થીઓને "માસ્ટર સ્પેલર્સ ઓફ ધ યર 2025-26" તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં વડોદરાના નાલંદા ઈન્ટરનેશનલ સ્કૂલના કબીર રાહુલ શાહ અને આનંદ વિદ્યાવિહારના તનિશ કેયુર બ્રહ્મેનો પણ સમાવેશ થયો હતો.

આયોજકોના જણાવ્યા અનુસાર, માસ્ટર સ્પેલર્સ માત્ર સ્પર્ધા નહીં પરંતુ વિદ્યાર્થીઓ માટે ભાષા પ્રત્યેનો પ્રેમ અને અભિવ્યક્તિ ક્ષમતા વિકસાવતી શૈક્ષણિક યાત્રા છે. વિવિધ રાઉન્ડ્સ દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય સ્પેલિંગ ઉપરાંત શબ્દસમૃદ્ધિ, સમજશક્તિ અને ઉચ્ચારણમાં પણ પારંગત બનાવવામાં આવે છે. દેશભરની સૈંકડો શાળાઓ અને હજારો વિદ્યાર્થીઓની ભાગીદારી સાથે માસ્ટર સ્પેલર્સ આજે ભારતના અગ્રણી ભાષા સમૃદ્ધિ કાર્યક્રમોમાં સ્થાન મેળવી રહ્યું છે.

# અંકલેશ્વર નજીક NH-48 પર કેમિકલ કન્ટેનરમાં ભીષણ આગ

(પ્રતિનિધિ) અંકલેશ્વર,ભરૂચ,તા.7
ભરૂચ જિલ્લાના અંકલેશ્વર નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર 48 (NH-48) પર પાર્ક કરેલા કેમિકલ ભરેલા કન્ટેનરમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટના ભરૂચ-અંકલેશ્વર વચ્ચે બનતાં હાઈવે પર ટ્રાફિક પ્રશ્ન ખોરવાયો હતો.

આગના ભડકા અને ધુમાડાના ગોટેગોટા દૂર સુધી જોવા મળ્યા હતા, જેથી આસપાસના વિસ્તારમાં ભયનો



માહોલ સર્જાયો હતો. હાઈવેની બાજુમાં આવેલી એક હોટલ પાસે પાર્ક કરાયેલા કન્ટેનરમાં આગ ભભૂકી ઊઠી હતી.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની કેટલીક ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી હતી. સુરક્ષાના ભાગરૂપે પોલીસે સર્વિસ રોડ ખાલી કરાવી દીધો હતો અને હાઈવે પર વાહનવ્યવહારને નિયંત્રિત કર્યો હતો. જોકે, આગને કારણે NH-48 પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.


**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના ઉપરવાસમાં આવેલ આજવા (સયાજી) સરોવર તથા પ્રતાપપુરા સરોવર ખાતે તેની પાણીની સંગ્રહ ક્ષમતા વધારવાના હેતુથી સરોવરની માટી ખોદી ઉંડાઇ વધારવાની કામગીરી અત્રેની શરતોને આધિન તેમજ સરકારશ્રી દ્વારા નક્કી કરેલ રોયલ્ટી ખાન-ખનીજ વિભાગને ભરપાઈ કરી કામગીરી કરવાનું આયોજન છે. સદર કામગીરી માટે થનાર તમામ ખર્ચ અરજદારશ્રીએ કરવાનો રહેશે. આ અંગે રસ ધરાવતા અરજદારશ્રીએ કાર્યપાલક ઇજનેરશ્રી, વિશ્વામીત્રી પ્રોજેકટ, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા ખાતે અરજી તા.૧૨.૦૫.૨૦૨૬ સુધીમાં મોકલવાની રહેશે. કોઇ પણ અરજી મંજૂર કે નામંજૂર કરવાની તથા અન્ય બાબતો અંગે અબાધિત સત્તા મ્યુ.કમિશ્નરશ્રીને રહેશે.

પી.આર.ઓ.નં.૫૬ /૨૬-૨૭ કાર્યપાલક ઇજનેર, વિશ્વામીત્રી પ્રોજેકટ



[પરિશિષ્ટ - IV-A] [નિયમ 8 (6) r/w 9(1) ની શરત જુઓ]

**સ્થાવર મિલકતની ઈ-હરાજી વેચાણ માટે જાહેર નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

CIN: U67100MH2007PLC174759

નોંધાયેલ ઓફિસઃ એડલવાઈસ હાઉસ, પહેલો માળ, CST રોડ પાસે, કાલિના, મુંબઈ 400098.

**સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર સિક્યોર્ડ એસેટ્સના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ("નિયમો") ના નિયમ 8 (6) અને 9 (1)ની શરતો સાથે વંચાણે લેતા.**

નીચે જણાવેલ વિવિધ વેચાણ સંસ્થાઓની નાણાકીય સુવિધાઓ (જેને હવે પછી "એસાઈનર" તરીકે ઓળખવામાં આવે છે) એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે જે કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કાર્ય કરે છે. ઉક્ત સોંપણીના અનુસંધાને, EARC એ અસાઇનરનું સ્થાન લઈને સિક્યોર્ડ લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો છે. સિક્યોર્ડ લેણદાર તરીકેની તેની ક્ષમતામાં EARCએ SARFAESI એક્ટની કલમ 13(4) અને તે હેઠળના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સિક્યોર્ડ મિલકતોનો કબજો મેળવ્યો છે.

જાહેર જનતાને અને ખાસ કરીને લોનધારક(કો) અને જામીનદાર(રો)ને 15/30 દિવસની નોટિસ આપવામાં આવે છે કે સિક્યોર્ડ લેણદારની તરફેણમાં ગીરો રાખવામાં આવેલી નીચે વર્ણવેલ સ્થાવર સિક્યોર્ડ મિલકતો, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે કંઈ પણ છે" તે ધોરણે, EARCને લેણી નીકળતી નીચે જણાવેલ રકમ વત્તા વધુ વ્યાજ અને અન્ય ખર્ચ/ખર્ચાઓની વસૂલાત માટે કરવામાં આવશે, જેમાં લોનધારક અથવા જામીનદાર પાસેથી મળેલી કોઈપણ રકમ બાદ કરવામાં આવશે. મિલકત માટે અનામત કિંમત (Reserve Price) અને બાનાની રકમ (EMD) નીચે મુજબ છે.

ઈ-હરાજી માટે મૂકવામાં આવેલી સિક્યોર્ડ મિલકતોની વિગતોઃ

| લોન એકાઉન્ટ નં / વેચાણ આપનાર સંસ્થા | લોનધારક સહ-લોનધારક / જામીનદાર / મોર્ગેજરનું નામ | ટ્રસ્ટનું નામ | કુલ બાકી લેણાં (રૂ. માં) | અનામત કિંમત (રૂ.) | બાનાની રકમ (EMD) (રૂ.) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| '0001011000009169207, '629387372 / એચડીએફસી બેંક લિ. | શ્રી દવે જિજ્ઞેશ ("લોનધારક") | EARC TRUST-SC 469 | LAN-629387372 માટે રૂ. 16,11,889.68/- અને LAN-'0001011000009169207 માટે રૂ. 23,200.61 (05.02.2026ના રોજ) | Rs. 16,00,000.00 | Rs. 1,60,000.00/- | 26-05-2026 at 11:30 AM | ભૌતિક |
| મિલકતનું વર્ણનઃ ફ્લેટ 502, પાંચમો માળ, વ્રજ વિહાર ટાવર C, S નં 406, બ્લોક 299, FP 46, બેન્કો કંપની પાછળ, બિલ રોડ, વડોદરાઃ 390012 | | | | | | | |
| '623835329, '624027776 / એચડીએફસી બેંક લિ. | ચુડાસમા ગાયત્રીબા મનોહરસિંહ (લોનધારક) અને ચુડાસમા મનોહરસિંહ ડી (સહ-લોનધારક) | EARC TRUST-SC 469 | LAN-629387372 માટે રૂ. 35,77,774.50/- અને LAN-'624027776 માટે રૂ. 28,034.24 (05-05-2026ના રોજ) | Rs. 24,00,000/- | Rs. 2,40,000/- | 26-05-2026 at 12:00 PM | ભૌતિક |
| મિલકતનું વર્ણનઃ 36/A, સૃષ્ટિ ટેનામેન્ટ્સ, (RS નં 201/11+12 પૈકી), ગોવિંજ રોડ, જાફરાબાદ, ગોધરા 389001 | | | | | | | |
| 'HL/0222/H/19/100008, 'HL/0222/H/17/100137 / પૂનાવાલા હાઉસિંગ ફાઇનાન્સ લિ. | 1. ધામેચા અશ્વિનભાઈ એચ (લોનધારક) 2. ધામેચા અમિતાબેન અશ્વિનભાઈ (સહ-લોનધારક) | EARC TRUST-SC 489 | LAN નં 'HL/0222/H/19/100008 માટે રૂ. 3,57,881.94/- LAN નં HL/0222/H/17/100137 માટે રૂ. 16,47,424.34/- (05-05-2026ના રોજ) | Rs. 13,50,000/- | Rs. 1,35,000/- | 26-05-2026 at 12:30 PM | ભૌતિક |
| મિલકતનું વર્ણનઃ મોજે કરમસદ, આણંદમાં આવેલ બિનખેતી પ્લોટ, જમીન જેનો સી.એસ. નંબર 1711 છે, જેનું ક્ષેત્રફળ 54.16.26 ચો.મી. છે, પૈકી ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનો કરમસદ મ્યુનિ. નં. 281 પૈકી દુકાન નં. 4 પૂર્વ-પશ્ચિમ બાજુ 2.90 ચો. મી., ઉત્તર-દક્ષિણ બાજુ 1.75 ચો. મી., કુલ ક્ષેત્રફળ 5.075 ચો. મી., રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ ડિસ્ટ્રિક્ટ આણંદ, જિલ્લો આણંદ. | | | | | | | |
| 'SHLHVDDR0001320 / દુ હોમ ફાઇનાન્સ લિમિટેડ | 1. સોલંકી અમીષા રાજેશભાઈ (લોનધારક) 2. વાઘેલા દર્શન ગોપાલભાઈ (સહ-લોનધારક) | EARC TRUST-SC 473 | Rs. 19,55,287.50 as on 04-05-2026 | Rs. 1250000.00 | Rs. 125000.00 | 16-06-2026 at 2:30:00 PM | ભૌતિક |
| મિલકતનું વર્ણનઃ શ્રી સિદ્ધેશ્વર હિલસ્ટોન ફ્લેટ નં. 204, ટાવર-જી, સુપર બિલ્ટઅપ, જિલ્લો- વડોદરા. સીમાઓઃ પૂર્વમાં- કોમન સીડી, પેસેજ; પશ્ચિમમાં- ગ્રાઉન્ડ ફ્લોર પર કોમન રોડ; ઉત્તરમાં- બિલ્ડિંગ F નો ફ્લેટ નં. F-203; દક્ષિણમાં- બિલ્ડિંગ G નો ફ્લેટ નં. G-203. શહેરઃ વડોદરા, રાજ્યઃ ગુજરાત, પિનકોડઃ 390022 | | | | | | | |

હરાજી પ્રક્રિયા અંગેની મહત્વની માહિતીઃ

| | | |
|---|---|---|
| 1. | EMD ડિમાન્ડ ડ્રાફ્ટ (DD): "EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT" ની તરફેણમાં મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર રહેશે. | |
| 2. | RTGS દ્વારા EMD ચુકવણીઃ ખાતાનું નામઃ "EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED-EMD ACCOUNT"; ખાતા નંબરઃ 000405158602; બેંકનું નામ - ICICI BANK; IFSC કોડઃ IFSCICIC0000004. | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના 1 દિવસ પહેલા પ્રાપ્ત થવી જોઈએ. |
| 4. | બિડ સબમિટ કરવા માટેનું સ્થળ | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, CST રોડ પાસે, કાલિના, મુંબઈ-400098. |
| 5. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઇટ) | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર | કસ્ટમર કેરઃ 1800 266 6540 |
| 7. | મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય | પૂર્વ એપોઇન્ટમેન્ટ મુજબ. |

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને EARCની વેબસાઇટ એટલે કે https://auction.edelweissarc.in પર આપેલી લિંકનો સંદર્ભ લો.

તારીખઃ 08-05-2026 અધિકૃત અધિકારી
સ્થળઃ મુંબઈ એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ વતી

Edelweiss Asset Reconstruction


# વડોદરા જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

વડોદરા : જિલ્લાના અરજદારોની રજૂઆતોના સરળ નિરાકરણ અર્થે મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળનો "સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" તા.૨ મે ને ચોથા ગુરુવારે સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે. જેથી સંબંધિત નાગરિકોએ તેઓના (સેવાકીય, કોર્ટમેટર, રહેમરાહે નોકરી, પેન્શન સિવાયના) પ્રશ્નો લેખિતમાં તા. ૧૦/૦૫/૨૦૨૬ સુધીમાં રૂબરૂમાં રજૂ કરવાના રહેશે. અરજી ઉપર 'જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' ના મથાળા હેઠળ એવુ દર્શાવવું. તા. ૧૦ મે સુધીમાં મળેલી અરજીઓનો જ ચાલુ માસના કાર્યક્રમમાં સમાવેશ કરાશે.


**AXIS BANK LIMITED**

**ગિરો મુકેલી મિલકત - સોનાના દાગીનાની હરાજી માટેની જાહેર નોટિસ**

દેવાદારોને ખાસ અને સામાન્ય જનતાને આથી જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલ ખાતાઓમાં ગિરો મુકવામાં આવેલા સોનાના દાગીનાની જાહેર હરાજી એક્સિસ બેંક દ્વારા નીચે દર્શાવેલ શાખા ખાતે યોજવાનો પ્રસ્તાવ છે.

નીચે જણાવેલ દેવાદારોએ સોનાના દાગીના ગિરો મૂકીને એક્સિસ બેંક લિમિટેડ પાસેથી ધિરાણ સુવિધા ("ગોલ્ડ લોન ફેસિલિટી") મેળવી હતી. દેવાદારો/જામીનદારોને ગોલ્ડ લોન સુવિધા પેટે તેમની લેણી રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી હતી. દેવાદારો/જામીનદારો બાકી લોનની રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી બેંક ગિરો સુવિધાનો અમલ કરવા માટે મજબૂર છે અને મિલકતની અનુસૂચિમાં વિગતવાર વર્ણવેલ ગિરો મુકેલા સોનાના દાગીનાની હરાજી "જ્યાં છે ત્યાં", "જે છે તે સ્થિતિમાં", "જે કંઈ પણ છે" અને "નો રિકોર્સ"ના ધોરણે તારીખ 08-06-2026ના રોજ સવારે 11:00 કલાકે યોજવાનું નક્કી કરેલ છે. હરાજી નીચે મુજબના સ્થળે યોજાશેઃ

દેવાદારોની વિગત અને બાકી રકમ

| ગ્રાહકનું નામ | લોન ખાતા નંબર | બાકી રકમ (રૂ.) | રિકોલ નોટિસની તારીખ | કુલ વજન (ગ્રામ) | ચોખ્ખું વજન (ગ્રામ) |
|---|---|---|---|---|---|
| શાખાનું નામઃ અટલાદરા વડોદરા [GJ] | | | | | |
| ભટ્ટ હર્ષિદાબેન | XXXXXXXXXXX8349 | 522489 | 18-04-2026 | 68.270 | 55.970 |
| શાખાનું નામઃ દેવગઢ બારિયા [GJ] | | | | | |
| બારીયા ગોપસિંગ ધાનાભાઈ | XXXXXXXXXXX6260 | 760000 | 17-04-2026 | 132.190 | 127.560 |
| શાખાનું નામઃ કલાદર્શન ચાર રસ્તા [GJ] | | | | | |
| અમરકુમાર નટવરલાલ જયસ્વાલ | XXXXXXXXXXX4047 | 417408 | 02-04-2026 | 54.800 | 52.300 |

ટેન્ડરના નિયમો અને શરતો

બેઝ/રિઝર્વ પ્રાઇસ હરાજીના દિવસે/તારીખે ટેન્ડર ભરનારાઓને આપવામાં આવશે, જેના પર હરાજીની બોલી ગણવામાં આવશે. બેંક દ્વારા આપવામાં આવેલા નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં મળેલી બોલી/ઓફર જ હરાજી માટે ગણતરીમાં લેવામાં આવશે.

અધૂરા બિડ ફોર્મ/ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે અને તેને નકારી કાઢવામાં આવશે.

ટેન્ડરના દસ્તાવેજો અને નિયમો અને શરતો ઉપર જણાવેલ શાખામાંથી મેળવી શકાશે. યોગ્ય રીતે ભરેલા ટેન્ડર દસ્તાવેજો 08-06-2026ના રોજ કામકાજના કલાકો દરમિયાન સંબંધિત શાખાના અધિકારીને સોંપવાના રહેશે. નિયત તારીખ પછી મળેલા ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

ઉક્ત મિલકતો "જ્યાં છે ત્યાં", "જે છે તે સ્થિતિમાં", "જે કંઈ પણ છે" અને "નો રિકોર્સ"ના ધોરણે વેચાણ માટે મૂકવામાં આવી છે. બેંક સદર મિલકતના સ્ટાન્ડર્ડ, શુદ્ધતા અને/અથવા અન્ય કોઈ બાકી લેણાં, ટેક્સ (જો કોઈ હોય તો) અંગેની કોઈ જવાબદારી લેતી નથી.

ટેન્ડરો બેંક દ્વારા હરાજીની તારીખે ટેન્ડર ભરનારાઓની હાજરીમાં ખોલવામાં આવશે, જેઓ તેમની ઓફર વધારવા/સુધારવા માટે ઉપર જણાવેલ દિવસે અને સમયે હાજર રહી શકે છે.

શાખાના નામોઃ ઉપર મુજબ. હરાજીની તારીખઃ 08-06-2026.

એકવાર સબમિટ કરેલી ઓફર/ટેન્ડર પાછી ખેંચી શકાશે નહીં અને જો કોઈ ચોક્કસ વસ્તુ/મિલકત/દાગીના માટે સિંગલ બિડ/ઓફર હોય તો બિડર બિડની રકમ જમા કરાવવા માટે જવાબદાર રહેશે.

જો કોઈ ચોક્કસ વસ્તુ/મિલકત/દાગીના માટે એકથી વધુ બિડ હશે તો બિડર્સ વચ્ચે અંદરોઅંદર હરાજી થશે અને સૌથી વધુ બોલી લગાવનારને સફળ બિડર જાહેર કરવામાં આવશે.

બિડરે તમામ KYC દસ્તાવેજો એટલે કે પાન નંબર, પાન કાર્ડ, આધાર કાર્ડ અને સરનામાના પુરાવા વગેરે સબમિટ કરવા જોઈએ. બિડરે માન્ય ઈમેલ આઈડી અને સંપર્ક નંબર સબમિટ કરવો જોઈએ. બેંક પાસે તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી ઓફર સ્વીકારવાનો કે નકારવાનો અધિકાર અનામત છે. સદર મિલકતના વેચાણ માટેની ઓફરમાંથી ઉદ્ભવતા કોઈપણ વિવાદો/મતભેદો માત્ર મુંબઈની અદાલતો/ટ્રિબ્યુનલના અધિકારક્ષેત્રને આધીન રહેશે.

અધિકૃત અધિકારી,
સ્થળઃ ગુજરાત એક્સિસ બેંક લિમિટેડ



**DGVCL**

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
રજી.અને કોર્પોરેટ કચેરી :'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત - ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**પીએમ સૂર્ય ઘરઃ મુફ્ત બિજલી યોજના હેઠળ રૂફટોપ સોલાર સ્થાપનની કામગીરી માટે વેન્ડર નોંધણી/ એમ્પેનલમેંટ કરવાના વર્કશોપ અંગેની સૂચના**

ગુજરાત રાજ્યમાં પીએમ સૂર્ય ઘરઃ મુફ્ત બિજલી યોજના હેઠળ ઘર પર રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપન કરાવવાનું મહત્વાકાંક્ષી અભિયાન ચાલી રહ્યું છે. રૂફટોપ સોલાર સ્થાપન કામ માટે રજીસ્ટર્ડ વેન્ડર બનવા માટેની ઉત્તમ તક ઉપલબ્ધ છે. આ અનુસંધાને, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા તા. ૧૯.૦૫.૨૦૨૬ એ વેન્ડર ડેવલોપમેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં યોજનાની સમગ્ર માહિતી, રજીસ્ટર વેન્ડર બનવા માટેની પ્રક્રિયા, સોલાર રૂફટોપ સ્થાપન માટે ટ્રેનિંગ તથા પોર્ટલ પર કરવાની થતી પ્રક્રિયા માટેની જરૂરી માહિતી આપવામાં આવશે. રસ ધરાવતા વ્યક્તિ, સંસ્થા, કંપની, ભાગીદારી પેઢી, ઇજનેરોએ આ વર્કશોપમાં ભાગ લેવા નીચે જણાવેલ વેબસાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. ફક્ત પોર્ટલ ઉપર નોંધાયેલ અરજદારને ઈ-મેલ / એસએમએસ દ્વારા ટ્રેનિંગનું સ્થળ અને સમયની જાણ કરવામાં આવશે. ઉપરોક્ત કાર્યક્રમમાં નોંધણી કરવાની છેલ્લી તારીખ ૧૬/૦૫/૨૦૨૬ છે. અરજી નોંધણી માટેની વેબસાઈટઃ https://vendors.guvnl.in/.

મુખ્ય ઇજનેર (સં. અને નિ.), DGVCL



**DGVCL** **DGVCL**

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લી**
CINU40102GJ2003SGC042909
અંકલેશ્વર ઔદ્યોગીક વિભાગીય કચેરી
ઓએનજીસી કેમ્પસની સામે, અંકલેશ્વર
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૩૦૦૩ અથવા ૧૯૧૨૩

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખ અને સમય દરમ્યાન નીચે જણાવેલ ફીડરો પર જેટકો દ્વારા અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજપુરવઠો મળશે નહી.

| ક્રમ | સબ સ્ટેશનનું નામ | ફિડરનું નામ | સબ ડિવિઝનનું નામ | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ અને વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી અંકલેશ્વર- A | ૨૨ કેવી ના તમામ ફીડરો | જી.આઈ.ડી.સી | ૧૯૧૨૩ | ૦૯.૦૫.૨૦૨૬ શનિવાર | ૦૬.૦૦ થી ૧૧.૦૦ |
| ૨ | ૧૩૨ કેવી અંકલેશ્વર | ૬૬ અને ૨૨ કેવી ના તમામ ફીડરો | જી.આઈ.ડી.સી / અંકલેશ્વર ટાઉન | | ૦૯.૦૫.૨૦૨૬ શનિવાર | ૦૬.૦૦ થી ૧૧.૦૦ |

કામ પુર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર(ઔદ્યોગીક), અંકલેશ્વર

૧૧ ''એમ.સી.બી./ઈ.એલ.સી.બી./બાર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો''